

દરરોજ બનતા અસંખ્ય અકસ્માત સંદર્ભે વાહનચાલકો સભાન બની ટ્રાફિકના નિયમોનું યોગ્ય પાલન કરે તે માટે ગાંધીનગર ટ્રાફિક પોલીસ અને ઈન્ડીયન એરફોર્સ (ગાંધીનગર)ના સહયોગથી ટ્રાફિક જાગૃતિ અંગે શહેરમાં રેલી યોજાઈ હતી. શહેરના ઘ-૫ સર્કલ નજીક પોલીસ અને એરફોર્સના જવાનોએ પત્રિકાઓ આપી વાહનચાલકોને જરૂરી નિયમોનું પાલન કરવા માહિતગાર કર્યા હતા.

# ઈન્દિરાબ્રિજના સીકસલેનનું કામ પૂર્ણતાના આરે

## ૩૨ કરોડના ખર્ચે કરાયેલ સીક્સલેનનું કામ જૂના અંતમાં પૂર્ણ થઈ જતા વાહન વ્યવહાર વધુ સરળ અને સલામત બનશે

ગાંધીનગર, તા.૧૬

કોબા-હાંસોલ માર્ગ પર સાબરમતી નદી પરના હયાત બ્રિજને ફોરલેનમાંથી સીકસલેન બનાવવાનું કામ પૂર્ણતાના આરે છે. જૂનના અંત સુધીમાં આ કામગીરી પૂર્ણ કરી દેવાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ. ૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર-કોબા એરપોર્ટને જોડતા માર્ગ પર ઈન્દિરાબ્રિજને ફોરલેનમાંથી સીકસલેન બનાવાનું કામ ચાલી રહ્યુંછે. આ માર્ગપર સતત ટ્રાફિકનો ધમધમાટ રહેતો હોવાથી બ્રિજને સિકસલેન બનાવવા તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. એરપોર્ટ સાથે જોડાયેલા આ માર્ગ પર વી.આઈ.પી. મહાનુભાવોની પણ વિશેષ અવર જવર રહે છે. જેના પરિણામે આ વિસ્તારનું રોડ નેટવર્ક સુધારવા વર્ષ ૨૦૧૨માં કાર્યયોજના તૈયાર કરવામાં આવી હતી. જયારે હયાત બ્રિજને સિકસલેન બનાવવા માટે તા. ૧૩ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૨ના રોજ કામ શરુ કરવામાં આવ્યું હતું. બ્રિજને બંને સાઈડથી પહોળો કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ ૪૨૧ મીટરના આ બ્રિજને ફોર લેનમાંથી સીકસલેન બનાવવાનું કામ આગામી તા. ૩૦ જૂન સુધીમાં પૂર્ણ કરી દેવાશે. બ્રિજને સિકસલેન બનાવવાનુંકામ પૂર્ણતાના આરે છે જયારે આ કામગીરી પૂર્ણ થતા ટ્રાફિકથી ધમધમતા આ વિસ્તારમાં વાહન વ્યવહાર વધુ સરળ બનશે તેમજ માર્ગ સલામતીની દષ્ટિએ પણ આ કામગીરી ફળદાયી નિવડશે.

# અર્બન કો. ઓપરેટીવ બેંકની ૨૯મીએ ચૂંટણી

## આજથી ઉમેદવારીપત્રકો ભરાશે : ૪૪૭૭ સભાસદો મતાધિકારનો ઉપયોગ કરી ૧૩ ડિરેક્ટરોને ચૂંટશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર અર્બન કો. ઓપરેટીવ બેંકના ડિરેક્ટરની ૧૩ બેઠકોની ચૂંટણી ૨૯મી જૂને યોજાશે. અંદાજે ૫ હજાર જેટલા સભાસદો ધરાવતી આ સહકારી બેંકમાં ૪૪૭૭ સભાસદોને મતાધિકાર છે. ચૂંટણીના સંચાલન માટે ચૂંટણી અધિકારી તરીકે સાંકાભાઈ પટેલની નિયુક્તિ બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠકમાં કરાઈ હતી. અર્બન બેંકની ચૂંટણીની જાહેરાતથી શહેરના સહકારી ક્ષેત્રના આગેવાનોમાં ભારે ઉત્સુકતા જાગી છે.

બેંકની સ્થાપના કાળથી આજ સુધી બોર્ડ ઓફ ડિરેક્ટરની વરણી બીનહરીફ જ થઈ છે. કોઈ વખત ચૂંટણી યોજાઈ નથી. સહકારી ક્ષેત્રના મોટાભાગના જુથો અને આગેવાનો બેંકની ચૂંટણી માટે ઉત્સુક હોવાનું મનાય છે. સહકાર વિભાગના નવા અધિનિયમ મુજબ બોર્ડ ઓફ ડિરેક્ટરની ૧૩ બેઠકોમાં ૨ બેઠક મહિલાઓ માટે અને ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું ફરજીયાત બન્યું છે. જેના પગલે આ ચૂંટણીમાં ૧૦ બેઠકો બીન અનામત અને ૩ બેઠકો અનામત રહેશે. ઉમેદવારીપત્રો ૧૭-૧૮ જૂન દરમ્યાન બેંકના સમય દરમ્યાન ભરી શકાશે. જયારે ૧૯મી જુને ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. જો મતદાન યોજાવાની નોબત આવશે તો ૨૯મી જૂને ૪૪૭૭ સભાસદો પોતાના મતનો ઉપયોગ કરશે.



Photo by Nafis Khan

લાક્ષણિક તસવીર - મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની આદિવાસી વિસ્તારની લાક્ષણિક તસવીર... દાહોદ વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવમાં હાજરી આપવા પહોંચેલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનનું ઓઢણું ઓઢાડી માથે ટોપલી મુકી આદિવાસી પરંપરા પ્રમાણે સ્વાગત કરાયું હતું... આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને આદિવાસી પરંપરાની અનુભૂતિ કરતાં ખુશી વ્યક્ત કરી હતી...

# કલોલ-માણસા માર્ગને દસ કરોડના ખર્ચે પહોળો કરાશે

## માર્ગને સાડા પાંચ મીટરમાંથી ૭ મીટર પહોળો કરવાનું કામ શરૂ

ગાંધીનગર, તા.૧૬

કલોલ-માણસા માર્ગને વાઈડનીંગ કરવાનું કામ શરુ કરી દેવાયું છે. આ માર્ગને ૫.૫ મીટરમાંથી ૭ મીટર પહોળો કરવા રૂ. ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ માર્ગ સિંગલ ટ્રેક હોવાથી ટ્રાફિકની દષ્ટિએ અનેક સમસ્યાઓ ઉદભવતી હતી. રોડ સેફટીને ધ્યાને લઈ આ માર્ગનું વાઈડનીંગ કામ હાથ ધરવામાં આવ્યું છે.

શહેરમાં રોડ નેટવર્ક સુધારણાને લઈ તબક્કાવાર કામો હાથ ધરવામાં આવે છે. મુખ્યમાર્ગોના નવીનીકરણ બદલ હાલ સેકટરના આંતરિક માર્ગોની સુધારણાનું કામ પણ હાલ ચાલી રહ્યું છે. જયારે શહેરની સાથે જિલ્લાને જોડતા અનેકવિધ માર્ગોની સુધારણાનું કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યું છે. પેથાપુર-મહુડી માર્ગને ફોરલેન બનાવવાનું કામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ ઉપરાંત હાલ કલોલ-માણસા માર્ગના વાઈડનીંગનું કામ પણ શરુ કરી દેવાયુંછે. ૧૩.૮ કીમી માર્ગને ૫.૫૦ મીટરમાંથી ૭ મીટર પહોળો કરવા પાછળ રૂ. ૧૦ કરોડનો ખર્ચ થશે. સિંગલ ટ્રેક રસ્તાને લીધે અત્યાર સુધી વાહન વ્યવહાર મુશ્કેલીરૂપ બન્યો હતો. અલબત્ત રોડ સેફટીનો અભાવ વર્તાતો હતો. જયારે માર્ગનું વાઈડનીંગ થતા આગામી દિવસોમાં ટ્રાફિકની અવરજવર વધુ સરળ બનશે. વધુમાં બીજા તબક્કામાં મંજુરીના અંતે ૪૦ કીમીના આ માર્ગ પર વાઈડનીંગનું કામ આગળ હાથ ધરાશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

## ડિવાઈડર વચ્ચે સફાઈ અભિયાન



(તસવીર : દિપક જાની)

# ફતેપુરા-બોરીજમાં રસ્તાના મામલે ગ્રામજનોમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૧૬

શહેરી વિસ્તારના ગામોમાં ગટરલાઈનની જેમ સી.સી. રોડની કામગીરીમાં પણ ગુણવત્તા અને પૂર્ણતાનો અભાવ વર્તાતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ફતેપુરા અને બોરીજમાં સી.સી. રોડનું કામ ન થતા ગ્રામજનોએ આ અંગે પાટનગર યોજનામાં કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરી હતી.

**ગ્રામ્ય વિસ્તારમાં સી.સી. રોડ બનાવવા ૫ કરોડ ખર્ચાયા !**

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, ધોળાકુવા, પાલજ, બોરીજ અને બાસણ સહીતના ગામોમાં પાણી ગટર અને રસ્તાની પાયાની સુવિધાના કામો હજુ પૂર્ણરૂપે થયા ન હોવાનો આક્રોશ સેવાઈ રહ્યો છે. ગરમીના દિવસોમાં થોડા સમય અગાઉ ગામોમાં પાણીની પોકાર પણ ઉઠવા પામી હતી જ્યારે વર્ષોના અંતે પણ ગટરલાઈનની કામગીરીમાં પણ ગંભીર ક્ષતિઓના લીધે સમસ્યા સર્જાતી હોવાનું ધ્યાને આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં ટોપોગ્રાફીના લીધે આમ પણ ગટરલાઈનની કામગીરી તંત્ર માટે મુશ્કેલ બની હતી. પરંતુ જે તે સમયે કોન્ટ્રાક્ટ દ્વારા ગટરલાઈનનું કામ અધુરૂ છોડી દેવાતા ગ્રામજનોએ લાંબા સમય સુધી હાલાકી વેઠવાનો વારો

● અનુસંધાન પાન-૭ પર

# મોદી માટેની માનતા પુરી કરવા યુવક છુટા હાથે બાઈક લઈને નિકળ્યો

## ધ્રાંગધ્રાના યુવાન હરિસિંહે મોદી વડાપ્રધાન બને તે માટે ગાંધીનગરથી દિલ્હી સુધી છુટા હાથે બાઈક હંકારવાની માનતા રાખી હતી. આઈ.કે. જાડેજાએ પ્રસ્થાન કરાવ્યુ

ગાંધીનગર, તા.૧૬

નરેન્દ્રભાઈ મોદી ભારત દેશના વડાપ્રધાન પદે બિરાજમાન થાય તે માટે દેશના લાખ્ખો ચાહકોએ માનતા રાખી હતી. જે માનતા પૂરી થતા ચાહકો દ્વારા માનતા પુરી કરવામાં પણ આવી રહી છે ત્યારે ગુજરાતના ધ્રાંગધ્રાના યુવાન હરિસિંહ રાઠોડે પણ મોદીજી પ્રધાનમંત્રી બને તે માટે છુટ્ટા હાથે બાઈક હંકારી દિલ્હી જવાની માનતા રાખી હતી. માનતા પુરી કરવા માટે હરિસિંહે આજે પ્રસ્થાન કર્યું.



(તસવીર : દિપક જાની)

અમદાવાદ જિલ્લાના ધ્રાંગધ્રામાં રહેતા અને ગેરેજમાં કામ કરતા હરિસિંહ રાઠોડ નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બને તે માટે છુટા હાથે બાઈક હંકારી દિલ્હી ખાતે પહોંચી નરેન્દ્ર મોદીના આશીર્વાદ મેળવશે. તેવી આકરી બાધા રાખી હતી. જે માનતા પુરી કરવા માટે આજે પ્રસ્થાન કર્યું હતું.

ગાંધીનગર સ્થિત સેકટર-૨૧ કમલમ્ કાર્યાલયથી આ યુવાને ગુજરાત ભાજપાના પ્રદેશ પ્રવકતા આઈ.કે. જાડેજા અને શહેર ભાજપ પ્રમુખ નીતિન પટેલે ફલેગ આપી વિદાય કરાવી હતી. આ પ્રસગે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૧૧.૦૦ વાગે કમલમ્ કાર્યાલયથી હરિસિંહ છુટ્ટા હાથે બાઈક લઈને નીકળ્યા હતા. આ યુવાન ૧૨ કલાકમાં દિલ્હી પહોંચશે ત્યારે ૧૦૦૦ કિલોમીટરના રૂટમાં બાઈકનું પેટ્રોલ રિફીલીંગ પણ ચાલુ બાઈકે કરવામાં આવશે. તેમજ ચા પાણી અને નાસ્તો પણ ચાલુ બાઈકે જ કરશે. આવતીકાલે પહોંચી યુવાન હરિસિંહ રાઠોડ ભારત દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને મળી આશીર્વાદ મેળવશે અને વર્ષો જુની મોદીજીને મળવાની તેમની ઈચ્છા પણ પુરી થશે.

# ગ્રામસભાને વધુ પ્રાણવાન બનાવીએ

## લાભાર્થીઓને યોગ્ય લાભ મળે તે જરૂરી : આનંદીબેન પટેલ : ગાંધીનગરમાં યોજાયેલી જિલ્લા કલેક્ટરો, ડીડીઓ અને પ્રભારી સચિવોની પરિષદમાં મુખ્યપ્રધાન દ્વારા માર્ગદર્શન

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જનકલ્યાણ યોજનાઓની માત્ર લક્ષ્યાંકપૂર્તિ કરતાં જરૂરતમંદ લાભાર્થીને તેનો સાચા અર્થમાં વ્યાપક લાભ મળે તેવી સંવેદનાસભર કાર્યસંસ્કૃતિ માટે પ્રંશાસનિક અધિકારીઓને આહવાન કર્યું છે. મુખ્યમંત્રીએ આજે ગાંધીનગરમાં રાજયના જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ તથા જિલ્લા પ્રભારી સચિવો અને વરિષ્ઠ સચિવોની સંયુક્ત સમિક્ષા બેઠકમાં પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના વિવિધ વિભાગોની પ્રજાકલ્યાણ અને જનસેવા ધ્યેયની અનેકવિધ યોજનાઓના જિલ્લાકક્ષાએ સુચારૂ અમલ અને વ્યવસ્થાપન માટે જિલ્લા તંત્ર અને સંબંધિત વિભાગોના રાજ્યકક્ષાના તંત્ર વચ્ચે સંકલનની જરૂરીયાત સમજાવી હતી. આ સંદર્ભમાં તેમણે વિવિધ વિભાગોની યોજનાઓના દ્રષ્ટાંતો આપતાં કહ્યું કે, પ્રત્યેક યોજનાના કેન્દ્ર બિન્દુમાં છેવાડાનો માનવી જ લાભાર્થી હોય છે




ત્યારે જિલ્લા અધિકારીઓ રાજ્યસ્તરે સંકલન અને માહિતી આદાન-પ્રદાનની કાર્યસંસ્કૃતિને વધુ પારદર્શી-ગતિશીલ બનાવશે તો જ કલ્યાણ રાજ્યની ભાવનાને નવો મોડ મળશે અને કાર્યોના ડુપ્લીકેશનને નિવારી શકાશે. આનંદીબેન પટેલે બેઠકમાં ઉપસ્થિત સૌ અધિકારીઓને માનવીય સંવેદનાનો સ્પર્શ જનહિત કાર્યો અને યોજનામાં લાવવાની હૃદયસ્પર્શી અપીલ પણ કરી હતી. તેમણે ગુજરાતમાં ઘેર-ઘેર શૌચાલયના અભિયાનમાં સામાજિક જવાબદારી જોડીને જનભાગીદારી તેમજ સેવા સંસ્થાઓ સંગઠનોનો સહયોગ પ્રેરિત કરી શૌચાલય નિર્માણથી ગ્રામીણ માતાઓ-બહેનો દિકરીઓને સામાજિક સુરક્ષિતતા આપી શકાય તેની કાર્યયોજના માટે પણ માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીએ સામાન્ય નાગરીકના સ્થાનિક કક્ષાના પ્રશ્નો-સમસ્યાઓના નિવારણ માટે સંવેદનશીલ રહેવા જિલ્લા કલેક્ટરો-જિલ્લા વિકાસ અધિકારીઓને અનુરોધ કરતાં જણાવ્યું કે, આ સમસ્યાઓના નિવારણમાં વિલંબ સરવાળે જનમાનસમાં સરકારની વિપરીત ઈમેજ ઉભી કરે છે તેની ચીવટ સૌએ રાખવી પડશે. ગ્રામસભાઓને આવા પ્રશ્નોના નિવારણનું પ્રાણવાન માધ્યમ બનાવવાની નેમ તેમણે દર્શાવી હતી. આનંદીબેન પટેલે ૨૦૧૯માં ૧૫૦મી ગાંધી જયંતિ અવસરે રાજ્યવ્યાપી સફાઈ સ્વચ્છતા ઝુંબેશ માટેના માઈક્રો પ્લાનીંગ, ગરીબ કલ્યાણ મેળાઓ, કુપોષણમુક્તિ, શિક્ષણ, આરોગ્ય સુખાકારી જેવા જનહિત અભિયાનોની કાર્યયોજના બ્લૂપ્રિન્ટ તૈયાર કરવા બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને સૂચન કર્યું હતું.




RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11,
Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com